એ.પી. (ડી આઈ આર સેરિસ) પરિપત્ર નં.1 (જુન 1, 2000)

***રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા***
***વિદેશી મુદ્રા નિયંત્રણ વિભાગ***
***કેન્દ્રીય કાર્યાલય***
***મુંબઈ 400 003***

1 જુન, 2000

એ.પી. (ડી આઈ આર શ્રેણી) પરિપત્ર નં.1
એ.પી. (એફ એલ શ્રેણી) પરિપત્ર નં.1

પ્રતિ,

ફોરેન એકસચેન્જ (વિદેશી ચલણ) ને લગતા તમામ આધિકારીક વ્યકિતઓ માટે

ફોરેન એક્સચેંજ મૅનેજમેન્ટ કાયદો (ફેમા), 1999

પૂર્ણ સમયના મની ચેન્જર્સ ને આ સાથે તા. 16 મે, 2000 એ ડી (એમએ શ્રેણી) ના પરિપત્ર નં. 11 ના ફકરા નં. 4 પર ધ્યાન આપવા વિનંતી છે. જેના અંતર્ગત આપવામાં આવેલ સુચનોનું પાલન તમામ માની ચેન્જર્સે કરવાનું રહેશે તથા તેઓશ્રી એફએલએમ / આરએલએમ ના સમયાંતરે જાહેર થતા પ્રોવિઝન્સને આધીન કાર્ય કરવાનું ચાલુ રાખવું. ફેમા 1999, ને લગતી ધારાઓના નીચે પ્રમાણેના ફેરફાર કરવામા આવે છે.

1. યોગ્ય હેતુ માટે એકસચેન્જ નો મંજુર જથ્થો.

(a) હાલમા બીટીક્યૂ (ફકરો 10 એફ એલ એમ) પરવાનગી આપવામાં આવેલા અંતર્ગત એકસચેન્જ જથ્થા બદલે નેપાળ અને ભુતાન સિવાય કોઇપણ દેશમાં એક અથવા વધારે અંગત મુલાકાત માટે મહત્તમ 5000 યુએસ ડોલર અથવા તેના જેટલું એકસચેન્જ પ્રતિ વ્યકિત પ્રતિ વર્ષ.

(b) ધંધાકીય હેતુથી પ્રવાસ કરતા વ્યકિત માટે ગમે તેટલી સમય મર્યાદા માટે મહત્તમ 25000 યુએસ ડોલર પ્રતિ વ્યકિત (ફકરો 11 એફ એલ એમ)

2. ***દસ્તાવેજ***

આરબીઆઈ દ્વારા એવુ નક્કી કરવામાં આવ્યુ છે કે હવેથી આરબીઆઈ મની ચેન્જર્સ દ્વારા ચકાસવામાં આવતાં દસ્તાવેજો (ફોરેન એકસચેન્જ (વિદેશી ચલણ) આપતી વખતે) નિયત નહી કરે. આ સાથે મની ચેન્જસર્નું ધ્યાન ફેમા, 1999 (42 of 1999) ખંડ 10 ના ઉપખંડ (5) ઉપર પણ દોરવામાં આવે છે કે જેના અંતર્ગત કોઇ પણ આધિકારીક વ્યક્તિએ, ફોરેન એકસચેન્જ નું કાર્ય તેના અથવા બીજા કોઇ પણ વ્યકિત વતી કરતા પહેલા એવી કોઇ માહિતી આપવી પડશે કે જેથી સાબીત થાય કે તે વ્યકિત ફેમા ના કાયદાનુ ઉલ્લંઘન અથવા કોઇ અન્ય કાયદા નોટીફીકેશન ઓર્ડરનું ઉલ્લઘન નથી કર્યો. મની ચેન્જર્સ જેને માહિતી આ દસ્તાવેજોને રેકોર્ડ રાખવાનો રહેશે કે જે આરબીઆઈ જયારે ઇચ્છે ત્યારે તેની ચકાસણી કરી શકે, આ ધારાની જોગવાઇ હેઠળ જો અરજદાર વ્યકિત આ શરતોનું પાલન કરવાનો ઇનકાર કરે અથવા તો શરતો પુરી ના કરે તો અધિકારીક વ્યકિતને ટ્રાન્ઝેકશન માટે લેખીતમાં મનાઇ કરી શકશે. આવું તે ત્યારે પણ કરી શકશે કે જો તેને એમ લાગે કે આ ટ્રાન્ઝેકશન દ્વારા વ્યકિત કાયદાનુ ઉલ્લંઘન કરે છે. આ બાબતની જાણ તેણે આરબીઆઈને કરવાની થશે.

3. એફ એફ એમ સી ને જાણ કરવામા આવે છે કે તેઓને એફએલએમ ના અન્ય તમામ પ્રોવિઝન્સ હેઠળ આવરી લેવામા આવશે.

4. એફએલએમ ના સુધારાઓ અલગથી જાહેર કરવામાં આવશે. આ સમય દરમ્યાન આધિકારીક વ્યક્તિએ આ સરકયુલરની જાણ લાગતા વળગતાઓને કરવાની સુચના આપવામાં આવે છે.

5. આ પરિપત્ર મા રહેલ સુચનો ફેમા, 1999 (42 of 1999). ના ઉપખંડ 10(4) તથા ઉપખંડ 11(1) મુજબ જાહેર કરવામા આવ્યા છે. આની કોઇ પણ જોગવાઇના ઉલ્લઘન કરનારને કાયદામાં જણાવ્યા મુજબની સજાનો સામનો કરવો પડશે.

આપનો વિશ્વાસુ,

બી. મહેશ્વરમ
મુખ્ય મહા પ્રબંધક